ફાયનાન્સિયલ એક્સપ્રેસ

અમદાવાદ, બુધવાર, તા. ૫ જુલાઈ, ૨૦૧૭

Alembic touching lives over 100 years

# એલેમ્બિક લિમિટેડ

CIN: L26100GJ1907PLC000033
રજીસ્ટર્ડ ઓફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
ફોનઃ (૦૨૬૫) ૨૨૮૦૫૫૦ ફેક્સઃ (૦૨૬૫) ૨૨૮૨૫૦૬
ઈ-મેલ: alembic.investors@alembic.co.in
વેબસાઈટ www.alembiclimited.com

## નોટીસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૧૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શુક્રવાર તા. ૨૮મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે "સંસ્કૃતિ", એલેમ્બિક કોર્પોરેટ કોન્ફરન્સ સેન્ટર, પ્રગતિ સહકારી બેન્ક સામે, એલેમ્બિક કોલોની, વડોદરા - ૩૯૦ ૦૦૩ ખાતે રાખવામાં આવેલ છે.

આથી કંપનીના અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ અન્વયે નોટિસ આપવામાં આવે છે કે આ કંપનીના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે ડિવિડન્ડની ઘોષણા કરવા તથા એજીએમ ભરવા માટે ધ રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુક્સ તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૭ થી તા. ૨૮મી જુલાઈ, ૨૦૧૭ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

એલેમ્બિક લિમિટેડ કંપનીની ૧૧૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) તા. ૨૮મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ રાખવામાં આવેલ છે, જે માટે કંપની પોતાના શેરહોલ્ડરોને એજીએમ સિવાયના સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ('રીમોટ ઈ-વોટિંગ') દ્વારા મત આપવાની સુવિધા આપતા આનંદ અનુભવે છે.

આના સંદર્ભમાં નોટિસ આપવામાં આવે છે કે કંપનીએ એજીએમ માટેની નોટીસ શેરહોલ્ડરોને મોકલવાનું કાર્ય તા. ૩જી જુલાઈ, ૨૦૧૭ ના રોજ પૂરું કર્યું છે. આ નોટિસમાં દર્શાવવામાં આવેલા કાર્યો ઈલેક્ટ્રોનિક સાધનોથી હાથ ધરવામાં આવશે. શેરહોલ્ડરોએ ઈલેક્ટ્રોનિક સાધનોથી મતદાન કરવા માટે www.evotingindia.com પર લોગ ઓન કરવું જરૂરી છે. ઈ-વોટિંગ કરવા માટેની વિગતવાર પ્રક્રિયા નોટિસમાં દર્શાવવામાં આવી છે.

રીમોટ ઈ-વોટિંગનો સમય તા. ૨૫મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ સવારે ૯:૦૦ કલાકે શરૂ થાય છે અને તા. ૨૭મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પૂરો થાય છે. જે શેરહોલ્ડરોએ રીમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું હોય તેઓ પણ આ સભામાં હાજરી આપી શકશે પરંતુ તેઓને ફરીવાર મતદાન કરવાનો અધિકાર નહીં મળે. જેઓ કટ-ઓફ તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૭ સુધીમાં કંપનીના શેર ધરાવતા શેરહોલ્ડરો હોય તેઓ રીમોટ ઈ-વોટિંગ દ્વારા અથવા મતપત્રક દ્વારા એજીએમમાં મતદાન કરી શકશે. કોઈપણ વ્યક્તિ કે જે આ નોટિસ મોકલ્યા બાદ કંપનીના શેર મેળવીને કંપનીના સભ્ય બન્યા હોય અને તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૭ ના દિવસે શેર ધરાવતા હોય, તે helpdesk.evoting@cdslindia.com પર વિનંતી કરીને લોગ ઈન આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરી શકે છે. ઈ-વોટિંગ મોડ્યુલથી થતું મતદાન તા. ૨૭મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ (સાંજે ૫:૦૦ કલાકે) સીડીએસએલ દ્વારા બંધ કરી દેવામાં આવશે.

કંપનીના વાર્ષિક રીપોર્ટ અને એજીએમની નોટિસ, એટેન્ડન્સ સ્લીપ અને પ્રોક્સી ફોર્મ સાથે કંપનીની દર્શાવેલી લિંક પર ઉપલબ્ધ છેઃ http://alembiclimited.com/notice/AL-Notice%20of%20AGM_28-07-2017.pdf અને ત્યાંથી જ તે ડાઉનલોડ પણ કરી શકશે. એજીએમની નોટિસ સીડીએસએલની વેબસાઈટ (www.evotingindia.com) ઉપર પણ ઉપલબ્ધ છે.

ઈ-વોટિંગની બાબતમાં ફરિયાદો માટે સંપર્કઃ
શ્રી રાકેશ દલવી, ડેપ્યુટી મેનેજર,
સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ લિમિટેડ,
ફિરોઝ જીજીભોય ટાવર્સ, ૧૬મો માળ,
દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૧.
ઈ-મેલ આઈડીઃ helpdesk.evoting@cdslindia.com
ફોન નં.: ૧૮૦૦ ૨૦૦ ૫૫૩૩.

આ નોટિસ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com માં ઈન્વેસ્ટર સેક્શન ખાતે અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com અને www.bseindia.com માં કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શન ખાતે પણ ઉપલબ્ધ છે.

એલેમ્બિક લિમિટેડ વતી,
સહી/-
ડ્રિગેશ મિત્તલ
કંપની સેક્રેટરી

સ્થળઃ વડોદરા
તારીખઃ ૪થી જુલાઈ, ૨૦૧૭